## જન્મદિને વધામણી



મકબુલખાન
શબદલખાન પઠાણ
મો. ૯૯૯૮૭ ૨૨૪૧૯



વિહાન મિહિર ભટ્ટ



ભવ્ય ચેતનકુમાર પ્રજાપતિ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# રંગોલી ઈન્ટરનૅશનલ સ્કૂલ દ્વારા ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી



## વિદ્યાર્થીઓ દ્વારા અદ્ભૂત કૃતિઓની રજૂઆત

ગાંધીનગર, તા. ૨૯

ગણતંત્ર દિવસની સવારે સમગ્ર દેશ દેશભક્તિના રંગે રંગાયેલો હોય છે ત્યારે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ પણ દેશપ્રેમ દર્શાવવામાં અગ્રેસર રહ્યા હતા. શાળાના વિશાળ પ્રાંગણમાં યોજાયેલા ગણતંત્ર દિવસના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા અદ્ભૂત કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓની સુંદર પરેડથી કરવામાં આવી હતી. ત્યારબાદ રંગોલી ગૃપના ડિરેક્ટર અનામિકા અંજારિયાના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્બોધનમાં તેમણે વિદ્યાર્થીઓને ગણતંત્ર દિવસના મહત્ત્વ અંગે સમજ આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા યોગા, પિરામીડ, ઍરોબિક્સ, ડમ્બેલ્સ, લેઝીમ અને ટે ક્વોન ડોનું સુંદર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. અંજુ વર્મા, ઍડમિન મૅનેજર પ્રેરક વસાવડા અને સ્ટાફ મૅમ્બર્સના સહયોગથી સમગ્ર આયોજન યાદગાર સફળતાને વર્યું હતું.

### ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજ ખાતે

# ફ્યુચર વાયરલેસ કોમ્યુનીકેશન સિસ્ટમ વિષયે વર્કશૉપ



ગાંધીનગર, તા. ૨૯

સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે ફ્યુચર વાયરલેસ કોમ્યુનીકેશન સિસ્ટમ : સોફ્ટવેર ડીફાઈન રેડીઓ વિષય પર બે-દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

હાલમાં જયારે વિશ્વ કોમ્યુનીકેશન ક્ષેત્રમાં હરણફાળ ભરી રહ્યું છે તેવા સમયમાં રાજ્યની વિવિધ ઈજનેરી સંસ્થાઓના ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓને હાલમાં ઈલેક્ટ્રોનીક્સ કોમ્યુનીકેશન ક્ષેત્રમાં ચાલી રહેલી ટેકનોલોજી વિષેનું જ્ઞાન મળી રહે તે હેતુથી GUJCOST-Dept. of Science & Technologyના સહયોગથી સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર નાં ઈ.સી. ઈજનેરી વિભાગ દ્વારા તાજેતરમાં સોફ્ટવેર ડીફાઈન રેડીઓ વિષય પર બે-દિવસીય વર્કશોપ નું સફળતાપૂર્વક આયોજન કરાયું હતું. જેમાં રાજ્યની વિવિધ ઈજનેરી સંસ્થાઓના ફેકલ્ટી, વિધ્યાર્થીઓ તથા ઈન્ડસ્ટ્રી પાર્ટીસીપન્ટસ સામેલ થયો હતો.

ફ્યુચર વાયરલેસ કોમ્યુનીકેશન સિસ્ટમ આધારિત આ વર્કશોપમાં વિષય નિષ્ણાત તરીકે LNMIT-Jaipurથી ડો. દિવ્યાંગ રાવલ, અદાણી ઈન્સ્ટીટ્યુટ થી ડો. કિરણ પરમાર અને CroeEL Technology-Bangalroe થી શ્રી. પ્રદીપ થોરબોલે આવેલ. જેમણે સર્વે પાર્ટીસીપન્ટસને ફ્યુચર વાયરલેસ કોમ્યુનીકેશન સિસ્ટમ વિષય પર વિવિધસર વ્યાખ્યાનો તથા પ્રાયોગિક કાર્યો દ્વારા સોફ્ટવેર ડીફાઈન રેડીઓ આધારિત લેટેસ્ટ ટેકનોલોજી વિષે ઉમદા સમજણ આપી હતી. આ વર્કશોપ વાયરલેસ કોમ્યુનીકેશન ક્ષેત્રનાં વિશાળ વ્યાપ તથા તાલીમાર્થીઓનાં જ્ઞાન અંને કૌશલ્ય વિકાસ માટે ખુબ જ ઉપયોગી અને અસરકારક નીવડશે.

# સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ઈન્ડસ્ટ્રી સ્કીલ ડૅવલપમૅન્ટ વર્કશૉપ



ગાંધીનગર, તા. ૨૯

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રી અને નવી શોધ, ટૅકનોલોજીથી માહિતગાર કરવા માટે ઈન્ડસ્ટ્રી સ્કીલ ડેવલપમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશૉપમાં વિવિધ કૉલેજના ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં જીટીયુના રજિસ્ટ્રાર ડૉ. ઍસ ડી પંચાલ, ખોડિયાર ઑટો કેરના ઍમડી જિજ્ઞેશ પટેલ, પીચ કમ્પ્યુટરના ઍમડી હિરેન શાહ, અક્ષરપ્રકાશ સ્વામી કૉલેજના પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા તથા ટ્રસ્ટી શિવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશૉપમાં મિકેનીકલ ઍન્જિનીયરિંગમાં ૩ડી પ્રિન્ટર દ્વારા મૉડલ મેકિંગ તથા ઍન્જિનીયરિંગની ડિઝાઈન અને જોડાણનો વર્કશૉપ યોજાયો હતો. ઈલેક્ટ્રીકલ ઍન્જિનીયરિંગમાં સોલાર ઍનર્જી દ્વારા રીજનરેટ ઍનર્જી ૨૦૨૦નો વર્કશૉપ રિયલ ટૅકનોલૉજી કંપની દ્વારા યોજવામાં આવ્યો હતો. સિવિલ ઍન્જિનીયર્સ માટે લોરેન્સ ઍન્ડ માયો કંપની દ્વારા ટોટલ સ્ટેશન વર્ક સર્વે કરવાનો પ્રેક્ટીકલ ડેમો અપાયો હતો. જ્યારે ઈસી ઍન્જિનીયર્સ માટે રાસબરીયાઈ દ્વારા ઑટોમેશન ટૅકનોલૉજી વિશે પ્રૅક્ટિકલ કરાવવામાં આવ્યા હતા. આ સ્કીલ ડેવલપમેન્ટ વર્કશૉપમાં અમદાવાદ, ગાંધીનગરની ૧૫થી વધુ કૉલેજોએ ભાગ લીધો હતો.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રજાસત્તાક દિવસની શાનદાર ઉજવણી









સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ૬૯મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી અનન્ય ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. સૌપ્રથમ ધ્વજવંદન સંસ્થાના દાતા અને સમારોહના મુખ્ય મહેમાન દશરથભાઈ રામદાસ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે સ્વચ્છતાનો સંદેશ પાઠવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું કે સ્વચ્છ રહેવું અને સ્વચ્છતા રાખવી એ પણ દેશભક્તિ વ્યક્ત કરવાનો એક સરળ માર્ગ છે. આ કાર્યક્રમમાં સંસ્થાની ૧ ૨ જેટલી શાળા-કૉલેજોએ ભાગ લઈ દેશની ભાતીગળ સંસ્કૃતિ, દેશભક્તિ ગીત, પરેડ, સ્વચ્છતા સંદેશ જેવાં સમૂહનૃત્યો જેવા કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન શેઠ સી ઍમ હાઈસ્કૂલ અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ પરિવારના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. સંસ્થાના દાતાઓ, હોદ્દેદારો, તમામ વિભાગના આચાર્યો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ૩૫૦૦ જેટલા વ્યક્તિઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સ્મરણીય બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. ચેતના બુચ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સંસ્થાના કૅમ્પસ ડૉ. સોમભાઈ સી પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું.

# દ્રઢ મનોબળથી ચિત્કારોને કચડીને ચમત્કારો સર્જતી છોકરીની કહાની

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com



દિવ્યાંગ વિલ્માના જોરદાર અડગ આત્મવિશ્વાસની વાત છે. ૧૯૬૦ના દાયકામાં વિશ્વની સૌથી ફાસ્ટ દોડતી નારીની સત્ય ઘટનાની વાત છે. દક્ષિણ અમેરિકાના ખુબસુરત પ્રાંત ટેનેસીની રોમાંચિત કરી નાખે એવી આ વાત છે. બ્લાન્ચ અને ઈડી રૂડોલ્ફના અત્યંત સામાન્ય પરિવારમાં જુન તા. ૨૩, ૧૯૪૦ના રોજ દીકરી અવતરી. અધુરે મહિને આવેલી આ દીકરીનુ નામ વિલ્મા. ગરીબની કસોટી પણ વધુ થતી હોય છે. બ્લાન્ચને અધુરે મહિને આવેલી વિલ્મા ચાર વર્ષની થઈ ત્યાં તો પોલિયોનો શિકાર બની. નાનકડી વિલ્માના પગમાંથી ચેતના ચાલી ગઈ. ડોક્ટરો છુટી પડ્યા અને કહ્યું, 'આ છોકરી હવે ક્યારેય જમીન ઉપર ઘોડીઓના સહારા વગર ચાલી શકે એમ નથી.' ચાર વર્ષનીનાનકડી વિકલાંગ વિલ્મા હવે કેલીપર્સના સહારે માંડ માંડ ચાલતી.

અડોશ પડોશના લોકો અને સગા સંબંધીઓ માતા બ્લાન્ચ અને વિલ્માને સહાનુભૂતીપૂર્વક જોતા. લોકોની સહાનુભુતી બ્લાન્ચને મંજુર ન હતી. એ હમેશા દીકરી વિલ્માને કહેતી કે, 'બેટા તારામાં અખુટ શક્તિનો ભંડાર પડ્યો છે.' માતાની આ વાત સાંભળી ઘોડીઓના સહારે ઉભેલી અને વિસ્મયજનક આંખોથી જોઈ રહેલી વિલ્મા કહેતી, 'પણ મમ્મી, હું મારા પગ ઉપર ચાલી પણ નથી શકતી. હું શુ કરી શકીશ ?' દીકરીના આ હદયદ્રાવક વેધક સવાલનો બ્લાન્ચ સરસ જવાબ આપતી. શિવાજીને ઉછેરતી જીજાબાઈની માફક એક ફાઈટરને છાજે એમ એ કહેતી કે, 'બેટા, તું જે ધારીશ એ કરી શકીશ. આ સંસારમાં તારા માટે કશુ અશક્ય નથી.' મમ્મીની આ વાત સાંભળી વિલ્મા ખુશીથી નાચી ઉઠતી.

એક દિવસની વાત છે. બ્લાન્ચ ઘરમા કામ કરતી હતી ત્યારે અચાનક નાનકડી વિલ્માએ પુછ્યું, 'મમ્મા, હું દુનિયાની સૌથી ઝડપી રેસલર બની શકું?' જમીન ઉપર ઘોડીના સહારા વગર ઉભી પણ ન રહી શકતી વિલ્માને મમ્મીએ કહ્યું, 'કેમ નહીં બેટા... ઈશ્વર ઉપર ભરોસો રાખજે. નિષ્ઠાપૂર્વક મહેનત કરીશ તો તું જે ધારીશ એ મેળવી શકીશ.'

મમ્મીના આ શબ્દોએ વિલ્માના જીવનમાં જાદુઈ અસર કરી. આ શબ્દો વિલ્માના મનમાં સતત ઘુમરાતા રહેતા. એનુ મનપંખી પાંખો પ્રસરાવી ખુલ્લા આકાશમાં ઉડવા લાગતુ. વિલ્મા નવ વર્ષની થઈ ત્યારે પગમા લગાવેલા સળીયાનો ટેકો જેને 'બ્રેસ' કહેવાય છે એને જીદ કરીને કઢાવી નાખ્યા. ઘોડી અને બ્રેસ વગર વિલ્માને જમીન ઉપર ચાલવામાં પારાવાર મુશ્કેલી પડતી. એ અનેકવાર પડતી અને આખડતી. ઘવાતી એના પગ છોલાતા. ઉઝરડામાંથી લોહીની ટશરો ફુટતી. પણ 'તું ધારીશ એ કરી શકીશ...' મમ્મીના આ શબ્દો એનામાં ફરી સાહસ ભરી દેતા. એ હિંમત હાર્યા વગર ફરી ઉભી થઈ જતી. બે વર્ષમાં તો વિલ્મા ઘોડીના સહારા વગર ચાલતી થઈ ગઈ. વિલ્માને ઘોડી વગર ચાલતા જોઈને પડોશીઓ અને મિત્રો આશ્ચર્યચકિત થઈ ગયા. એમને ક્યા ખબર હતી કે, અડગ મનોબળવાળી આ છોકરી ભવિષ્યમાં દુનિયા આખી માટે પ્રેરણામૂર્તિ બનવાની છે.

'વિશ્વની સૌથી તેજ દોડવીર' બનવાના પોતાના સપના ભણી તેર વર્ષની ઉંમરે વિલ્માએ પહેલું ડગલુ માંડ્યું. એક દોડની સ્પર્ધામાં એણે હોંશભેર ભાગ લીધો. આ સ્પર્ધામાં વિલ્મા સૌથી છેલ્લી આવી. આ છોકરી એના લક્ષ્ય ઉપર ચટ્ટાનની જેમ અડગ રહી. એક પછી એક અનેક સ્પર્ધામાં વિલ્મા ભાગ લેતી. હારતી ગઈ પણ એણે કોશીષ ન છોડી. એનો આત્મવિશ્વાસ પ્રત્યેક હાર સાથે વધુ દ્રઢીભૂત બનતો. ઉજાશના પથદર્શન માટે લાખો નિરાશાઓના મોટા ખંડમાં ક્યાંક ટમટમતુ આશાનુ નાનુ અમથુ કોડીયુ કાફી હોય છે. વિલ્મા આખરે એક રેસમાં પ્રથમ આવી. એની ખુશીઓનો પાર ન રહ્યો.

હવે વિલ્મા જીવનનો દોઢ દાયકો પૂરો કરી ચુકી હતી. પંદરમાં વર્ષે વિલ્માએ પ્રતિષ્ઠિત ટેનેસી રાજ્ય વિદ્યાલયમાં એડમિશન લીધું. મહેનત કરનારાના માર્ગમાં મુશ્કેલી જરૂર હોય પણ હાથ પકડવા મસિહા પણ મૌજુદ હોય છે. ટેનેસી રાજ્ય વિદ્યાલયમાં વિલ્માનો ભેટો ટ્રેક એન્ડ ફિલડના મંજાયેલા કોચ ટેમ્પલ સાથે થઈ ગયો. બસ, પછી તો પુછવુ જ શું. વિલ્માએ એના દિલમા ધરબાયેલી 'દુનિયાની સૌથી તેજ રેસલર' બનવાની ઈચ્છા કોચ ટેમ્પલને કહી. ટેમ્પલ સરને આ છોકરીનો ગજબનો આત્મવિશ્વાસ ગમ્યો. એમણે વિલ્માને વૈશ્વિક ફલક ઉપર લઈ જવા માટે મહેનત શરૂ કરી. ટેમ્પલ સરની દોરવણી હેઠળ વિલ્મા ટ્રેક ઉપર પરસેવો પાણીની જેમ વહેવડાવી નિષ્ઠાપૂર્વક મહેનત કરવા લાગી. ટેમ્પલ સર અને વિલ્માની મહેનત ફળી. ઑલંપિક્સમા ભાગ લેવા જતી અમેરિકાની 'ટ્રેક એન્ડ ફિલ્ડ' ટીમમાં વિલ્માનો સમાવેશ થયો.

૧૯૬૦મા ઈટાલીના રોમમાં રમાયેલી ઑલંપિક્સમા વિલ્માએ ડંકો વગાડી દીધો. ૨૦૦ મીટર, ૩૦૦ મીટર અને ૪૦૦ મીટર રીલે રેસ એમ ત્રણ-ત્રણ ટ્રેક એન્ડ ફિલ્ડ ઈવેન્ટમાં વિલ્માએ ગોલ્ડ મેડલ જીત્યા. અમેરિકાના ઈતિહાસમાં આ પહેલા એક જ ઑલંપિક્સમાં કોઈ મહિલા ખેલાડીએ ત્રણ ગોલ્ડ નહોતા મેળવ્યા. વિલ્માની આ સિધ્ધીએ એને વિશ્વની સૌથી તેજ દોડતી મહીલા તરીકે નવાજી.

જે છોકરી બાળપણમાં ધરતી ઉપર ઘોડીના સહારા વગર ડગલુ પણ માંડી નહોતી શકતી એ છોકરીએ આઈકોનિક ઈમેજ ઉભી કરી ચમત્કાર સર્જ્યો. દ્રઢ મનોબળ અને નિષ્ઠાપૂર્વકની મહેનતથી વિશ્વની 'ફસ્ટેસ્ટ રેસલર' બની એક સમયે વિકલાંગ કહેવાતી વિલ્મા. જીવનમાં એક સપનુ એવુ હોવુ જોઈએ કે જે સુવા ન દે. મહેચ્છાઓના મોરપિચ્છ સાથે અડગ નિષ્ઠાનુ બળ ચિત્કારોને ચમત્કારોમાં ફેરવી નાખે છે. સ્વયંનુ મુલ્ય સમજવા માટે પોતાના માનસિક માપદંડો તૈયાર રાખવા પડે. મનમાં વિશ્વાસનો શ્વાસ ભરવો જોઈએ. પોતાની જાત સાથે સંવાદ કરીને કહેવુ જોઈએ કે, દુનિયામાં સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ હું સ્વયં છું. ઈતિહાસ રચવાની ક્ષમતા ઈશ્વરે સૌ કોઈને આપી છે. તમે ઈતિહાસ વાંચવા માટે નહીં ઈતિહાસ રચવા આવ્યા છો એવો પાક્કો અહેસાસ થવો જોઈએ. અદભૂત કરી શકવાની તમારી ઐશ્વરીય શકિત સમજી એને બહાર લાવવાની છે.

માણસ જન્મે એટલે એના જન્મનો સત્કાર થાય છે, પણ પોતાની શક્તિઓને ઉજાગર કરી એના સ્વીકાર માટે જીવનપર્યંત સજાગ રહેવુ પડે. માત્ર શ્વાસ ચાલે એટલે જીવન જીવય છે એમ સંતોષ માની લેવાય તો એ ભુલ છે. જાણીતા લેખક અને ચિંતક હિતેન આનંદપરાએ લખેલી 'શ્વાસને સાર્થક કરવાની પ્રક્રીયાને જીંદગી કહેવાય' એ વાત યાદ આવે છે. જેમ વર્ષાના આગમન ટાણે મોરલો પીંછા ખોલી મન મુકીને નૃત્ય કરે એમ દ્રઢ મનોબળ સાથે મહેનતના પીંછા ખોલી પોતાની શક્તિઓ ઉપર વિશ્વાસ રાખી સફળાતાની સુવાસ ફેલાવવા માટે મન મુકીને થનગનાટ થવો જોઈએ. કોઈ એકાદી અડચણ કે ઘટના આપણને ડગાવી કે અટકાવી શું શકે ? જ્યારે પોતાની શક્તિઓ ઉપર વિશ્વાસ હોય ત્યારે પોતાના વ્યક્તિત્વના પાના ઉપર ગમે ત્યારે પાડેલો અક્ષર ક્યારેય એળે જતો નથી. હા, ક્યારેક સમયના આવરણથી ઝાખો જરૂર લાગે પણ જ્યારે ઉગી નિકળે એ વખતે અદભૂત ઉજળો લાગે. સ્વયંમાં સંતાઈને પડેલી શક્તિઓની સુગંધ નિશ્ચય અને મહેનતથી રૂપાંતરીત થઈને સમાજને સુવાસિત કરી દે છે.

**ધબકાર**

દ્રઢ મનોબળ અને મહત્વાકાંક્ષા વગરનો યુવાન પણ વૃધ્ધ બનવાની રાહ જોઈને બેઠો હોય છે.



